ખુબ જ અઘરૂં કામ છે, પરંતુ કાર્યદક્ષ સ્ટાફ ખુબ જ કુનેહથી આ મોટું કામ કરી રહ્યા છે.માટે જ આવા પૂર્ણ સમયી અને લાંબી આવાસીય વ્યવસ્થા માટે આવા માનસિક વયસ્કો માટે હાલમાં અમારે સંસ્થાનું પોતાનું મકાન/જમીન ખરીદવાની તાતી જરૂર ઊભી થઈ છે.જેથી જમીન/મકાનની ખરીદી કરીને માનસિક વયસ્કોને અમે કાળજીભર્યું આશ્રયસ્થાન આપી શકીએ.

આ અઘરૂં તેમજ ઊમદા કાર્ય અમે એકલા ન કરી શકીએ જેથી અમારા સુજ્ઞ દાનવીરોને અમારી નમ્ર હાર્દિક અપીલ છે કે આ મહામૂલાં પુખ્તવયનાં માનસિક બિમાર વયસ્કોને કાયમી રહેઠાણની ખરીદી માટે હોપ ચેરીટેબલ ટ્રસ્ટને જમીન/મકાન માટે પોતાના બજેટ અનુસાર મદદ કરીને આ મહામૂલા યજ્ઞમાં આપ સર્વેને હું આશા સુધીરકુમાર, ફાઉન્ડર ટ્રસ્ટી તથા સંસ્થાના અન્ય ટ્રસ્ટીગણ, સ્ટાફ તેમજ વહાલા દાખલ થએલ માનસિક વયસ્કો આપ સૌની સમક્ષ નમ્ર અપીલ મૂકીએ છીએ.

અમારૂં હોપ ચેરીટેબલ ટ્રસ્ટ 12એએ અને 80જી હેઠળ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટની માન્યતા પ્રાપ્ત ટ્રસ્ટ છે. આપનું ઉદાર નાણાંકીય અથવા સ્થાવર મિલકતનું યોગદાન માનસિક બિમાર વયસ્કો માટે કાયમી રહેઠાણ, આધુનિક સુવિધાઓ સાથે મળી રહે તે જ અભ્યર્થના કરૂં છું.

**HOPE**
**CHARITABLE TRUST**

(Reg. No. E/7812/Vadodara Dated 17/07/2014 under the B.P.T. Act)
Reg. No. : 916/19 under the Director of Social Defence

**હોપ ચેરીટેબલ ટ્રસ્ટ**
**9, બેંક ઓફ ઈન્ડિયા કોલોની, ફર્ટીલાઈઝર પાર્ક સામે,**
**નિઝામપુરા, વડોદરા. મો. 95105 55061, 96381 49977**

# માનસિક બીમાર અને વયસ્કો માટે રેસીડેન્શીયલ હોમ

## :સંચાલકઃ



**સુધીરકુમાર સૉલોમન**
(ટ્રસ્ટી, વાઈસ પ્રેસીડેન્ટ)



**આશા સુધીરકુમાર**
(ફાઉન્ડર ટ્રસ્ટી)



**વિશાલ સોલંકી**
(એક્ઝીક્યુટીવ ડીરેક્ટર)

Email : hopecharitable15@gmail.com
Website : www.hopecharitabletrust.org









# હોપ ચેરીટેબલ ટ્રસ્ટ

## માનસિક બીમાર અને વયસ્કો માટે રેસીડેન્શીયલ હોમ



**હોપ ચેરીટેબલ ટ્રસ્ટ** એક સ્વૈચ્છિક સંસ્થા છે જે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ 1950 હેઠળ E/7812/વડોદરા 2014 થી રજીસ્ટર થયેલ છે તેમજ ડાયરેક્ટર ઓફ સોશ્યલ ડિફેન્સ ગુજરાત ગવર્મેન્ટ રજીસ્ટ્રેશન નં. 916/19 તા. 28/11/2019 હેઠળ માન્યતાપ્રાપ્ત સંસ્થા છે અને નહીં નફો નહીં નુકશાન નેજા હેઠળ માનસિક આરોગ્ય ક્ષેત્રે પુખ્ત વયનાં એકલવાયા તણાવગ્રસ્ત સ્ત્રી-પુરુષોની દેખભાળ 24/7ની સેવાઓ અર્થે કાર્યરત છે.



**માનસિક બિમારીઓ જેવી કે**

1. સ્કીઝોફેનીયા (માનસિક વિકાર)
2. બાયપોલર – દ્વિધ્રુવી વિકાર
3. ક્લીનીકલ ડિપ્રેશન (તબીબી તણાવ)
4. એન્ઝાઈટી ડીસોર્ડર (ચિંતા અવ્યવસ્થિત જીવનશૈલી)
5. ડિમેન્શીયા (ચિત્તભ્રમ)
6. OCD (મનોગ્રસિત વિકાર)



ઉપરોક્ત માનસિક બિમારીઓથી ઝઝુમતા વયસ્કો (મેલ/ફિમેલ) માટે સંસ્થામાં મનોચિકિત્સક (સાયકોલૉજીસ્ટ)ની સીધી દેખરેખ હેઠળ તેમને જુદી-જુદી પ્રવૃત્તિઓ દરરોજ આપવામાં આવે છે. જેમાં તેઓને મનગમતી તેમજ બૌદ્ધિક વિકાસ,ઈન્દ્રિયોને વિકસિત કરતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.



તેમને આવાસીય સગવડ સાથે પૌષ્ટિક ભોજનની પણ વ્યવસ્થા આપવામાં આવે છે.

તેઓની છેલ્લી અવસ્થામાં તેઓ સુખ-ચેનથી જીવી શકે તેવી પ્રવૃત્તિઓમાં આનંદ કરે તે સંસ્થાનો મુખ્ય ધ્યેય છે.

- સંસ્થામાં કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર ગુજરાત રાજ્યનાં કે અન્ય રાજ્યના કોઈપણ માનસિક બિમાર વયસ્કોને પ્રવેશ આપવામાં આવે છે.
- સંસ્થાના ટ્રસ્ટીગણ પ્રોફેશનલ તથા બહોળો અનુભવ ધરાવતા તેમજ કાર્યદક્ષ, સમર્પિત ભાવનાવાળા પ્રેમાળ છે. તેઓ 24 કલાક સંસ્થામાં રહે છે તેમજ માનસિક વયસ્કોની દેખભાળ કરે છે.



માનસિક આરોગ્ય ક્ષેત્રે નિષ્ણાંત સ્ટાફગણ પણ અનુભવી તેમજ સંસ્થામાં દાખલ વયસ્કોને ઉમદા તાલીમ પ્રેમ અને હૂંફથી આપી રહ્યા છે.

2020-21થી સ્લમનાં દિવ્યાંગ બાળકો માટે એક નવો પ્રોજેક્ટ પણ શરૂ કરી રહ્યા છીએ જેથી લાભાર્થીઓની સંખ્યા પણ વધશે.

છેલ્લા 6 વર્ષથી સંસ્થા ભાડાના મકાનના પરિસરમાં કાર્યરત છે અને લગભગ 3 લાખ જેટલું વાર્ષિક ભાડું સંસ્થાને ચુકવવું પડે છે, જે હાલના સંજોગોમાં ખૂબ જ વધુ છે.



અમારી સંસ્થના દાખલ થયેલ વયસ્કો લગભગ કાયમી રહેવાસી છે. સંસ્થાનું પરિસર એક વર્ષ માટે ભાડા કરાર હેઠળ અત્યારે અમારી પાસે છે. હવે અમારે સંસ્થા માટે કાયમી ધોરણે મકાન/જમીન પરિસરની સંસ્થાની માલિકીની ખરીદીની ગોઠવણીની જરૂર પડી છે.



હાલમાં સંસ્થામાં 12 લાભાર્થીઓ સારવાર પામી રહ્યા છે. પરંતુ હવે અમારે અન્ય 30 માનસિક અસ્વસ્થ બિમાર વયસ્કો માટે નવીન પરિસરની વ્યવસ્થા કરવાની છે કારણકે હાલની તંગદિલી જેવી સંસારની હાલતમાં માનસિક તણાવ ખૂબ વધી રહ્યો છે. જેથી આગામી વર્ષોમાં નવા માનસિક વયસ્કોને દાખલ કરવાની અમારી યોજના છે. જેથી આવા માનસિક વયસ્કોને છેલ્લી જીંદગીમાં કુટુંબ પોતાની દોડધામભરી જીંદગી હોવાથી તેમજ અન્ય કારણોસર દેખભાળ ઘરમાં કરી શકતા નથી જેથી તેમની સારસંભાળની 24 કલાકની જવાબદારી સંસ્થાના કાર્યકર્તાઓ ખુશીથી ઉઠાવી રહ્યાં છે.



તેમની ખાવા-પીવાની, સમયસર જરૂરિયાતો, મેડીકલ, ઈમોશનલ, ગૃપ એક્ટીવીટીઝ, દવા સમયસર આપવાની તેમજ આનંદ-પ્રમોદની પુરેપૂરી જવાબદારી સંસ્થા ખુબજ પ્રેમથી સ્વીકારે છે.